અખબાર જાહેરાત

નવી દિલ્હી, તા.04/11/2020

# NHSRCL યુવાનોને 'આત્મનિર્ભર' બનવા માટે નિ:શુલ્ક કૌશલ્ય વિકાસ પ્રશિક્ષણ પૂરું પાડે છે.

મુંબઇ-અમદાવાદ હાઇ સ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકોના કુટુંબ માટે, કુશળતાના નિર્માણ માટે અને આવક ઊભી કરવા માટેની તકોનું નિર્માણ કરવા માટે, NHSRCL આવક પુન:સ્થાપન કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રકારના કૌશલ્ય વિકાસ પ્રશિક્ષણ કાર્યક્રમોનું આયોજન કરે છે.

થાણે જિલ્લાના ગામોના ૧૪ ઉમેદવારોની પ્રથમ ટુકડીએ, હોટલ મેનેજમેંટમાં વર્ગખંડની તાલીમ પૂર્ણ કરી હતી. અને હવે તેઓ મુંબઈના અંધેરીની એક નામાંકિત હોટેલમાં છ મહિના લાંબી 'જોબ ટ્રેનિંગ' પર પોતાનો અભ્યાસ કરશે. વર્ગખંડની તાલીમ દરમિયાન, ભાગ લેનારાઓએ અન્ન ઉત્પાદન, ખાદ્ય અને પીણા સેવા, ઘરની જાળવણી, સંદેશાવ્યવહાર અને ફ્રન્ટ ઓફિસની કુશળતા મેળવી છે.

આ તાલીમ કાર્યક્રમ મહારાષ્ટ્રના થાણેની સરકાર માન્ય સંસ્થા - શિક્ષણ અને વિકાસ કાર્યક્રમ પ્રા. લિ. દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.

ભાગ લેનારાઓ સાથે ડિજિટલ રૂપે વાતચીત કરતી વખતે, NHSRCLના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અચલ ખરેએ કહ્યું કે, "ભારત એક યુવા દેશ છે અને આપણા યુવાનોએ કુશળતા પ્રાપ્ત કરવા તરફ કામ કરવું જોઈએ. જેથી તેઓ આત્મનિર્ભર બની શકે અને રાષ્ટ્ર નિર્માણમાં પણ ફાળો આપી શકે. NHSRCL વિવિધ શાખાઓમાં કૌશલ્ય વિકાસ તાલીમ પ્રદાન કરવા અને યુવાનોને તેમની રોજગારની તકોમાં સુધારો કરવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે.

કમ્પ્યુટર હાર્ડવેર અને નેટવર્કિંગ, કમ્પ્યુટર એકાઉન્ટિંગ, વેલ્ડિંગ અને ફેબ્રિકેશન, મોબાઇલ રિપેરિંગ, ઇલેક્ટ્રિકલ વર્ક્સ, ઓફિસ ઓટોમેશન વગેરે જેવી વિવિધ કુશળતામાં અત્યાર સુધીમાં ૨૩૯ થી વધુ ભાગ લેનારાઓને કૌશલ્ય વિકાસ તાલીમ આપવામાં આવી છે.

હાલમાં, NHSRCL ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યોમાં બાર બેન્ડિંગ, બાંધકામ વિદ્યુત કામો, પ્લમ્બિંગ, પ્લાસ્ટરિંગ વગેરે જેવી બાંધકામ સંબંધિત પ્રવૃત્તિઓ માટે વિના મૂલ્યે તાલીમ આપવાની સુવિધા આપી રહી છે.



તસવીર: વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પ્રમાણપત્ર વિતરણ સમારોહને સંબોધન કરતા NHSRCLના MD શ્રી અચલ ખરે.



તસવીર: મહારાષ્ટ્રના થાણેમાં પ્રમાણપત્ર વિતરણ સમારોહમાં ભાગ લેનાર મુંબઈના અધિકારીઓ અને CEDPના કર્મચારીઓ.

Sushma Gaur
Spokesperson/NHSRCL
Ph: 9810296813